જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૦/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૮૯/૧૭

## નારોલ પોલીસ સ્ટેશન

નારોલ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.ન. ૩૦૦૧/૧૭ ધી જુગાર ધારા કલમ ૪,૫ મુજબના કામે હકીકત એવી છે કે આ કામે ખાનગી રાહે બાતમી હકીકત મળેલી કે નારોલ આકુતી ટાઊનશીપ બ્લોક નં એસ/૧૦૮ મા રહેતા ચંપાબેન કાનાભાઇ વણકર નાઓ પોતાના ઘરમાં બહાર થી કેટલાક માણસો બોલાવી પૈસા પાનાથી હારજીત નો જુગાર રમી રમાડે છે જે બાતમી હકીકત આધારે પોલીસ ઇંસ્પેક્ટર સી.બી.ટંડેલ તથા પો.સ.ઇ. કે.એસ.પટેલ તથા સ્ટાફના માણસો સાથે બાતમી વાળી જગ્યાએ આકુતી ટાઊનશીપ મ.ન.એસ/૧૦૮ ના અંદર બેડરૂમમા કુલ ૮ માણસો ગોળકુંડાળુ વળી પૈસા પાનાથી હાર જીત નો જુગાર રમતા હોય જેમા નં (૧) ચંપાબેન કાનાભાઇ વણકર ઉ.વ.૩૦ રહે એસ/૧૦૮ આકુતી ટાઊનશીપ નારોલ અમદાવાદ શહેર નાં પોતે બહારથી માણસો બોલાવી વ્યક્તિ દીઠ રૂ.૫૦૦/- લઈ જુગાર રમવા માણસોને બેસાડેલ હોવાનુ જણાવેલ અને નં (૨) વિજયભાઇ નટુભાઇ પરમાર ઉ.વ.૧૯ રહે સદર તથા નં (૩) વિજય કનૈયાલાલ લોધા ઉ.વ.૪૦ રહે મ.ન.૭૪૫/૨૪ ગરીબ આવાસ યોજના સદભાવ્ના નગર અમદાવાદ તથા નં (૪) બળદેવભાઇ નારયણભાઇ પટેલ ઉ.વ.૪૫ રહે ઘ.નં૪૯ વનદેવી સો.સા. ઘોડાસર અમદાવાદ (૫) અરવીતભાઇ પરેશકુમાર પટેલ ઉ.વ.૩૨ રહે ૩ શીવમ સો.સા. ભાડુઆત નગર ઇસશનપુર અમદાવદ તથા નં (૬) મનીષ બાબુભાઇ લોધા ઉ.વ.૩૦ રહે ૨૭ શ્રીજી બંગ્લોઝ ઘોડાસર અમદાવાદ તથા નં (૭) સુરેશભાઇ દસરથભાઇ છાપરા ઉ.વ.૪૧ રહે ૯ નવરંગ સો.સા. ઇસનપુર ગેબનશાહ રોડ અમદાવાદ તથા નં (૮) મિતેશ ગીરીશકુમાર ઠક્કર ઉ.વ.૨૩ રહે ૮૩ લક્ષ્મીનારાયણ સો.સા. મણીનગર ઇસ્ટ અમદાવાદ વિગેરે હોઇ ઉપરોક્ત ઇસમો પાસેથી અંગ જડતી માથી મળી આવેલ નાણા રૂ.૧,૧૯,૧૦૦/- તથા જુદીજુદી કંપની ના મોબાઇલ ફોનો કી.રૂ.૪૫,૦૦૦/- તથા મળી આવેલ આરોપીઓના વાહનો ની કી.રૂ.૧,૩૫,૦૦૦/- મળી દાવના નાણા સાથે કુલ્લે રૂ.૩,૦૨,૧૦૦/- નો મુદામાલ મળી આવતા તપાસ અર્થે કબ્જે લીધેલ છે .અન ઉપરોક્ત ચંપાબેન કાનાભાઇ વણકર + ૭ નાઓ આજરોજ તા:૧૫/૧૦/૨૦૧૭ ના કલાક ૨૩/૧૫ વાગ્યે પોતાના રહેણાક મકાનમાં બહાર થી માણસો બોલાવી પૈસા પાનાથી હારજીત નો જુગાર રમી રમાડતા જુગારના સાધનો સાથે મળી આવી પકડાય ગયેલ હોય તેઓ તમામ વિરૂધ્ધ ધી જુગારધારા કલમ ૪,૫ મુજબ કાયદેસર ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. અને આગળની તપાસ હાલ ચાલું છે.

સાબરમતી વિસ્તારમાંથી એક મકાનમાં રેડ કરી જુદી જુદી બ્રાંડના વિદેશી દારૂની કુલ 80 બોટલો કુલ્લે કિંમત્ત રૂપિયા 77,900/- ના જથ્થો સાથે એક ઇસમ ધરપકડ કરતી <u>સાબરમતી પોલીસ</u>

મેં પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સ્પેશ્યલ પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર -1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેરનાઓ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેરનાઓની સુચના તથા માર્ગદર્શન આધારે આજરોજ તા-15/10/2017 ના રોજ અમો ડી.વી.રાણાનાઓ સાથેના સ્ટાફના માણસો સાથે આગામી દીવાળીના તહેવાર અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા આ દરમ્યાન અમોને અમારા ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે " ન્યુ રાણીપ નવા બનતા બ્રીજના છેડે આવેલ સન રીયલ હોમ્સ મકાન નંબર આઇ/201માં રહેતો પ્રિયાંક પટેલ નાનો પોતાની કબજાની અલ્ટ્રો કાર નંબર જીજે-01-આર.એન.3797 માં બહારથી પરપ્રાંતનો દારૂનો જથ્થો ભરી લઇ આવેલ છે અને આ દારૂનો જથ્થો પોતાના આ રહેણાંક મકાનમાં વેચાણ કરવા સારૂ રાખેલ છે અને તે દારૂનુ હાલ વેચાણ ચોરી છુપીથી કરે છે " વિગેરે બાતમી હકીકત આધારે અમો તથા સ્ટાફના માણસો તેમજ પંચોના માણસો સાથે રાખી હકીકતવાળી જગ્યાએ રેડ કરી મકાનમાંની તિજોરીમાંથા અલગ અલગ બ્રાંડની પરપ્રાંત દારૂની કુલ બોટલ નંગ-80 કુલ્લે કિંમત્ત રૂપિયા 77,900/- નો તથા આ દારૂના ધંધામાં વાપરેલ મોબાઇલ ફોન તથા એક કાર મળી કુલ્લે કિંમત્ત રૂપિયા 3,87,900/- ના મુદ્દામાલ સાથે એક ઇસમને પકડી લઇ તેની વિરૂધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન પ્રોહી ગુના રજી નં 5359/2017 પ્રોહી કલમ ધી પ્રોહી.ક.૬૬ (૧)બી, ૬૫એ(ઇ), ૧૧૬(૧)(બી) ૯૮(2)મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ જારી છે

## ( પેરોલ જમ્પ આરોપી પકડ્યો )

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મ.પો.કમિ શ્રી "કે" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી આર.કે.અમીન નાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ કે.એલ.પટણી તથા સ્ટાફના હે.કો.સિરાજમીયા કાલુમીયા તથા હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ તથા પો.કો.ભરતકુમાર નાનજીભાઇ તથા પો.કો.જગદિશકુમાર ભવાનભાઇ નાઓ વિ.સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં નીકળેલ દરમ્યાન સાથેના પો.કો.કમલેશકુમાર હસમુખલાલ તથા પો.કો.ભરતકુમાર નાનજીભાઇનાઓને મળેલ બાતમી હકીકત આધારે અત્રેના નડિયાદ રુરલ પોલીસ સ્ટેશનમાં ખુનના કેસમાં પકડાયેલ આરોપી **રસીદમીયા બચુમીયા મલેક ઉ.વ.૩૬ રહે : ગામ સિંગાલી તા.મહુધા જિ.ખેડા**નાઓ વડોદરા સેન્ટ્રલ જેલમાંથી ફર્લો રજા ઉપર તા.૨૩/૦૮/૨૦૧૭ ના રોજ મુકત થયેલ અને સદરી આરોપીને તા.૦૭/૦૯/૨૦૧૭ ના રોજ પરત જેલ ખાતે હાજર થવાનુ હોય પરંતુ સદરી આરોપી સમયસદર પરત જેલ ખાતે હાજર થયેલ ન હોય અને પેરોલ જમ્પ થયેલ હોય અને છેલ્લા એક મહીનાથી પેરોલ જમ્પ થયેલ આરોપીને પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરી વડોદરા જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરી એક પેરોલ જમ્પ આરોપીને પકડી પાડેલ છે.



**સુરક્ષા સેતુ રથ:**

વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીવસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.